# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 07-04-2025** **Evening : 7.10 to 7.20**

**Day : Monday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સંસ્કૃતિ ભૂંડિયા** વાંચે છે.

---

1) રાજ્યભરમાં આરોગ્ય કર્મચારીઓએ હડતાળને ત્રણ મહિના પૂરતી મોકૂફ રાખી.
2) જળસંપત્તિ મંત્રી કુંવરજી બાવળિયાએ કહ્યું , રાજ્યમાં ઉનાળા માટે પૂરતા પ્રમાણમાં પાણીનો જથ્થો ઉપલબ્ધ
3) ઘરેલું રાંધણ ગેસ સિલિન્ડરના ભાવમાં પ્રતિ સિલિન્ડરે 50 રૂપિયાનો વધારો, આવતીકાલથી અમલી બનશે.
4) રાજ્યની આરોગ્ય સંસ્થાઓમાં દર મહિનાની છઠ્ઠી તારીખે ફાયર મૉકડ્રિલ કરવા અર્બન આરોગ્ય કમિશનરનો આદેશ.
5) શક્તિપીઠ અંબાજી ખાતે આવતીકાલથી આદિશક્તિ રાષ્ટ્રીય મહિલા તીરંદાજી સ્પર્ધાનો પ્રારંભ થશે.
6) ઉત્તર ગુજરાતમાં આગામી ચાર દિવસ હિટવૅવ યથાવત્ રહેવાની આગાહી.

-----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# AROGYA HADTAL MOKUF

રાજ્યભરમાં આરોગ્ય કર્મચારીઓએ હડતાળને ત્રણ મહિના પૂરતી મોકૂફ રાખી છે. ગાંધીનગરનાં અમારા પ્રતિનિધિ દુર્ગેશ મહેતા જણાવે છે કે, આરોગ્ય કર્મચારીઓએ આજે આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ સાથે મુલાકાત કરી હતી.

આ અંગે આરોગ્ય કર્મચારી મહાસંઘના પ્રમુખ રણજિતસિંહ મોરીએ જણાવ્યું કે, સરકાર ગ્રેડ પે પર મંથન કરવા તૈયાર છે. તેમજ એસ્મા કાયદા હેઠળની કાર્યવાહીમાં પણ સરકાર હકારાત્મક અભિગમ અપનાવશે. આ ઉપરાંત કર્મચારીઓને મળવાપાત્ર લાભ આપવાના ઠરાવ અંગે સરકારે સમય માગ્યો હોવાનું શ્રી મોરીએ જણાવ્યું હતું.

(બાઈટઃ રણજિતસિંહ મોરી, પ્રમુખ, આરોગ્ય કર્મચારી મહાસંઘ)

. . . . . . . . . . . . .

# PANI NO JATTHO

**રાજ્યભરમાં ઉનાળા માટે પૂરતા પ્રમાણમાં પાણીનો જથ્થો ઉપલબ્ધ છે. આ અંગે માહિતી આપતા જળસંપત્તિ મંત્રી કુંવરજી બાવળિયાએ જણાવ્યું , સરદાર સરોવર સહિત 207 જળાશયમાં 57 ટકાથી વધુનો જળસંગ્રહ છે. એટલે ઉનાળાની ઋતુમાં નાગરિકોને જરૂરી પાણી ઉપલબ્ધ કરાવાશે. ગત વર્ષે આ સમયે 207 જળાશયમાં 50.85 ટકા જળ સંગ્રહ હતો.** શ્રી બાવળિયાએ ઉમેર્યું, સુજલામ્ સુફલામ્ જળસંચય અભિયાન, નલે સે જલ અભિયાન જેવા અનેક અભિયાનથી ગુજરાત જળ વ્યવસ્થાપન ક્ષેત્રે આત્મનિર્ભર બન્યું છે.

બીજી તરફ, જળસંપત્તિ રાજ્યમંત્રી મુકેશ પટેલ જણાવ્યું કે, મોરબીમાં આવેલું મચ્છુ ત્રણ જળાશય હાલમાં પણ 100 ટકાથી વધુ ભરાયેલું છે. ઉનાળામાં રાજ્યમાં ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં નાગરિકોની જરૂરિયાત મુજબ પૂરતા પ્રમાણમાં પાણી અપાશે.

. . . . . . . . . . . . .

# EXCISE DUTY

કેન્દ્ર સરકારે પેટ્રોલ અને ડિઝલ પરના આબકારી કરમાં પ્રતિ લિટરે બે રૂપિયાનો વધારો કરવાનો નિર્ણય લીધો છે. જોકે , ઑઈલ માર્કેટિંગ કંપનીઓએ સ્પષ્ટતા કરી છે કે, બંને પેટ્રોલિયમ ઉત્પાદનોના છૂટક ભાવમાં કોઈ વધારો કરાશે નહીં. નવી દિલ્હીમાં માધ્યમોને માહિતી આપતા પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રી હરદિપસિંહ પુરીએ કહ્યું , આબકારી કરમાં કરાયેલાં વધારાની ગ્રાહકો પર કોઈ અસર નહીં પડે. આબકારી કરમાં કરાયેલો વધારો આવતીકાલથી લાગુ થશે.

શ્રી પુરીએ વધુમાં જણાવ્યું , ઘરેલુ રાંધણ ગેસ સિલિન્ડરના ભાવમાં પ્રતિ સિલિન્ડરે 50 રૂપિયાનો વધારો કરાયો છે. આવતીકાલથી ઉજ્જવલા યોજનાના લાભાર્થીઓ માટે ગેસ સિલિન્ડરની કિંમત 550 રૂપિયા અને બાકીના લોકો માટે 853 રૂપિયા થશે.

. . . . . . . . . . . . .

# VIR NARMAD UNI CONVOCATION

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે યુવાનોને શિક્ષણ દ્વારા મળેલા જ્ઞાનનો ઉપયોગ લોકકલ્યાણ અને રાષ્ટ્રના નિર્માણ માટે કરવા આહ્વાન કર્યું છે. સુરતમાં વીર નર્મદ વિશ્વ-વિદ્યાલયના 56-મા પદવીદાન સમારોહમાં આજે સંબોધન કરતાં શ્રી દેવવ્રતે ; વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવા સામૂહિક મહેનત કરવા જણાવ્યું હતું.

આ પ્રસંગે આરોગ્ય , તાંત્રિક , ઉચ્ચ શિક્ષણ મંત્રી ઋષિકેશ પટેલે યુવાનોને ટેક્નોલૉજીનો વિવેકપૂર્ણ ઉપયોગ કરવાની સલાહ આપી હતી.

ઉલ્લેખનીય છે કે , આ પદવીદાન સમારોહમાં 12 વિદ્યાશાખાના 79 અભ્યાસક્રમના 10 હજાર 415 વિદ્યાર્થીઓને પદવી એનાયત કરવામાં આવી હતી.

. . . . . . . . . . . . .

# DEESA TRAGEDY UPDATE

બનાસકાંઠાના ડીસા તાલુકામાં ફટાકડાનાં ગોડાઉનમાં સર્જાયેલી દુર્ઘટના મામલે મધ્યપ્રદેશના વધુ એક આરોપીની અટકાયત કરવામાં આવી છે. મળતી માહિતી મુજબ , બનાસકાંઠા પોલીસે આરોપીને ઈન્દોરમાંથી પકડી ડીસામાં પૂછપરછ હાથ ધરી છે. જ્યારે આ ઘટનામાં સારવાર લઈ રહેલા એક ઈજાગ્રસ્તનું મોત થતાં મૃત્યુઆંક 22-એ પહોંચ્યો છે.

. . . . . . . . . . . . .

# FIRE SAFETY

રાજ્યના અર્બન આરોગ્ય કમિશનર હર્ષદકુમાર પટેલે આરોગ્ય સંસ્થાઓમાં કાર્યરત્ ફાયર સેફ્ટી કમિટીને સમયાંતરે ઑડિટ કરવા સૂચના આપી છે. ગાંધીનગર ખાતેથી ઑનલાઈન માધ્યમથી સમીક્ષા કરતાં શ્રી પટેલે આરોગ્ય સંસ્થાઓમાં યોગ્ય વાયરિંગની ખાતરી કરવા પણ તાકીદ કરી હતી.

રાજ્યની હૉસ્પિટલોના ઇન્ટેન્સિવ કેયર યુનિટ- I.C.U. અને સ્પેશિયલ ન્યૂબૉર્ન કેયર યુનિટ- S.N.C.U.માં ખાસ વાયરીંગની ચકાસણી કરવી , અશક્ત દર્દીઓ અને ICU-SNCUના દર્દીઓને તાત્કાલિક યોગ્ય સલામત સ્થળે ખસેડવાનું પૂર્વાયોજન સુનિશ્ચત કરવા પણ સૂચના આપી. આ ઉપરાંત આરોગ્ય સંસ્થાઓને દર મહિનાની છઠ્ઠી તારીખે ફાયર મૉકડ્રીલ અચૂક કરવા આદેશ અપાયો છે. ઉલ્લેખનીય છે કે, આરોગ્ય વિભાગ દ્વારા આગામી 21થી 25 એપ્રિલ દરમિયાન ફાયર સેફ્ટી વિક ઉજવવામાં આવશે.

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

(ગોન્ગ મ્યુઝિક)

....................................

# ROAD EXPANSION - VALSAD

વલસાડમાં આવેલા રાષ્ટ્રીય ધોરીમાર્ગ – 48ને ચાર માર્ગીય બનાવવા અંદાજે 825 કરોડથી વધુની રકમ મંજૂર કરવામાં આવી છે. વલસાડ અને ડાંગના સાંસદ ધવલ પટેલે કરેલી રજૂઆતના આધારે કેન્દ્રીય માર્ગ પરિવહન મંત્રી નીતિન ગડકરીએ આ રકમ મંજૂર કરી છે.

શ્રી ગડકરીએ સોશિયલ મિડીયા પર માર્ગના નવીનીકરણ માટે વિશેષ પેકેજની જાહેરાત કરી છે. તે અંતર્ગત રાષ્ટ્રીય ધોરીમાર્ગ- 848ના પારડી રાષ્ટ્રીય ધોરીમાર્ગ-48 જંકશન-સુકેશ-નાનાપોંઢા-કપરાડાથી અંદાજે 37 કિલોમીટરથી વધુની લંબાઈના ભાગને પેવ્ડ શોલ્ડર સાથે વિભાજિત કેરેજ-વે સાથે ચાર માર્ગીય બનાવવામાં આવશે.

. . . . . . . . . . . . .

# CONGRESS ADHIVESHAN

અમદાવાદમાં આવતીકાલથી બે દિવસ અખિલ ભારતીય કૉંગ્રેસનું અધિવેશન યોજાશે. સત્તાવાર યાદી મુજબ , અમદાવાદના શાહીબાગ વિસ્તારમાં આવેલા સરદાર સ્મારકમાં આવતીકાલે સવારે કૉંગ્રેસ કાર્યકારિણીની બેઠક યોજાશે. ત્યારબાદ સાંજે સાબરમતી આશ્રમ ખાતે પ્રાર્થના સભા અને રિવરફ્રન્ટ ઇવેન્ટ સેન્ટર ખાતે સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરાયું છે. આ ઉપરાંત બુધવારે સવારે નવ વાગ્યે સાબરમતીના કિનારે રાષ્ટ્રીય અધિવેશન યોજાશે.

આ અંગે રાજ્યસભા સાંસદ અને ગુજરાત પ્રદેશ કૉંગ્રેસ સમિતિના અધ્યક્ષ શક્તિસિંહ ગોહિલે અમદાવાદમાં પત્રકાર પરિષદ દરમિયાન માહિતી આપી.

(બાઈટઃ શક્તિસિંહ ગોહિલ, અધ્યક્ષ, ગુજરાત પ્રદેશ કૉંગ્રેસ સમિતિ)

. . . . . . . . . . . . .

# BIRSA MUNDA TIRANDAJI

શક્તિપીઠ અંબાજી ખાતે આવતીકાલથી આદિશક્તિ રાષ્ટ્રીય મહિલા તીરંદાજી સ્પર્ધાનો પ્રારંભ થશે. તીરંદાજીની રિકર્વ અને કમ્પાઉન્ડ ઇવેન્ટમાં વિજેતાઓને 41 લાખ 52 હજાર રૂપિયાના રોકડ પુરસ્કાર એનાયત કરાશે. ભારતીય તીરંદાજી સંગઠનના સહયોગથી ગુજરાત રમતગમત સત્તામંડળ દ્વારા ભગવાન બિરસા મુંડાની 150મી જન્મજયંતી વર્ષની ઉજવણી નિમિત્તે આ સ્પર્ધાનું આયોજન કરાયું છે. સાંભળીએ બનાસકાંઠાના અમારા પ્રતિનિધિ સવજી ચૌધરીનો અહેવાલ.

(વૉઈસકાસ્ટઃ સવજી ચૌધરી, પ્રતિનિધિ, બનાસકાંઠા)

. . . . . . . . . . . . .

# WEATHER

હવામાન વિભાગે આવતીકાલ સુધી કચ્છમાં સિવિયર હિટવેવ; જ્યારે ઉત્તર ગુજરાતમાં આગામી ચાર દિવસ હિટવેવ યથાવત્ રહેવાની આગાહી કરી છે. દરમિયાન આજે અમદાવાદ અને આસપાસના વિસ્તારોમાં મહત્તમ તાપમાન 42 ડિગ્રી આંબી જવાની શક્યતા છે.

બીજી તરફ, રાજ્યભરમાંથી 11 એપ્રિલથી હિટવેવ દૂર થાય તેવી આગાહી હોવાનું હવામાન વૈજ્ઞાનિક પ્રદીપ શર્માએ જણાવ્યું હતું.

આ ઉપરાંત હવામાન વિભાગે ગરમથી બચવા પુષ્કળ પાણી પીવા , શરીરને સુતરાઉ કપડાથી ઢાંકવા અને ખાસ કરીને માથું ઢાંકીને રાખવાનું સૂચન કર્યું છે.

. . . . . . . . . . . . .

# PRAKRUTIK KHETI BAJAR

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે સુરતના વેસુ ખાતે પ્રાકૃતિક કૃષિ બજારનો પ્રારંભ કરાવ્યો. આ પ્રસંગે શ્રી દેવવ્રતે કહ્યું , પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવા મિશન મૉડ પર કામ થઈ રહ્યું છે.

ખેડૂતો અને ઉપયોગકર્તાઓને લાભદાયી એવી પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધારવા ખેડૂતોને બજાર વ્યવસ્થા ઉપલબ્ધ થાય તે હેતુથી વેસુના એસ. ડી. જૈન શાળાના બાજુમાં આ બજારનો પ્રારંભ કરાયો છે. આ બજારમાં ખેડૂતો દર બુધવારે અને રવિવારે સવારે આઠ વાગ્યાથી 11 વાગ્યા સુધી આરોગ્યપ્રદ ગુણવત્તાવાળા અને કેમિકલયુક્ત શાકભાજી, ફળ, કઠોળ અને અનાજનું સીધું જ વેચાણ કરશે.

ઉલ્લેખનીય છે કે, સુરત મહાનગરપાલિકા અને જિલ્લા પંચાયતે આજે વિશ્વ આરોગ્ય દિવસ નિમિત્તે આગવી પહેલ કરી છે.

. . . . . . . . . . . . .

# MEHSANA EXTRA BUS

ચૈત્રી પૂનમના મેળાના ભાગરૂપે મહેસાણામાં એસ. ટી વિભાગ દ્વારા વધારાની બસના ફેરા કરાશે. મહેસાણાના અમારા પ્રતિનિધિ જયંતી ચૌધરી જણાવે છે , 10થી 12 એપ્રિલ દરમિયાન બેચરાજીમાં 530 વધારાની બસના ફેરા કરાશે. દરમિયાન ત્રણ બૂથનું વિશેષ આયોજન કરાયું છે.

બેચરાજી બસ મથકના બૂથ નંબર એક પરથી મહેસાણા , પાટણ, ચાણસ્મા, કડી અને અમદાવાદ તરફ જતી બસ ઉપલબ્ધ થશે. જ્યારે કકુમા આશ્રમ પાસે આવેલા બૂથ નંબર બે પરથી હારિજ તરફ જતી બસનું સંચાલન થશે. આ ઉપરાંત સંકલ્પ રેસિડેન્સી સામે આવેલા બૂથ નંબર ત્રણ પરથી વિરમગામ તરફ જતી બસનું સંચાલન કરાશે.

. . . . . . . . . . . . .